ઉત્તર ગુજરાતમાં કોરોનાની તેજ ગતિ

આરોગ્ય વિભાગનું ધીમું ટેસ્ટીંગ, માંડ ૧૩.૮૦ લાખના કોવિડ ટેસ્ટ

અત્યાર સુધીમાં કોરોનાથી ૪૫૧ લોકોએ જીવ ગુમાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોનાએ પ્રજાની ઉંઘ હરામ કરી છે. પાછલા ૫ દિવસથી કોવિડ ટેસ્ટ માટેની એન્ટિજન કિટની અછતનો મુદ્દો હાવિ બન્યો છે. ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર ઉત્તર ગુજરાતમાં કોરોનાની તેજ ગતિ અને આરોગ્ય વિભાગના ધીમા ટેસ્ટીંગનો પર્દાફાશ થયો છે. અત્યાર સુધીમાં ૧૩,૮૦,૮૪૦ લોકોના કોવિડ ટેસ્ટ કરાયા છે. છેલ્લા ૫ દિવસથી દરરોજ ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થયા હોવાનું જણાવ્યું છે. અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગ ઉપર જે આંગળીઓ ઉઠી હતી તે સાચી છે. ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછા માત્ર ૧,૯૪,૧૩૪ લોકોના કોવિડ ટેસ્ટ કરાયા છે. સરકારી દફતરે નોંધાયેલા અત્યાર સુધીના મૃત્યુ આંક ૪૫૧ છે.

ગામે ગામ કોરોનાનો કાળો કેર અને ફળીયા, મહોલ્લા અને સોસાયટીઓમાં કોરોના સંક્રમિત લોકોના મોતથી માતમ જેવી સ્થિતિ છે. અનેક સ્મશાન ગૃહોમાં મૃતદેહોને અગ્નિદાહ આપવા માટે લાકડાં ખૂટી પડ્યાં છે. કોણ કોને સાંત્વના આપે તેવાં ભારેખમ દ્રશ્યોએ કઠન કાળજાના માનવીને પણ હચમચાવી નાખ્યો છે. કોરોનાના સંક્રમણને અંકુશમાં લેવા ટેસ્ટીંગ વધારવું જોઈએ તેવો નિષ્ણાત ડૉક્ટરોના મત પછી રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં રેપિડ ટેસ્ટ માટે એન્ટિજન કિટ દરેક આરોગ્ય કેન્દ્ર અને સરકારી દવાખાનામાં મોકલવામાં આવી. શરૂઆતમાં તો બધું ઠીક ચાલ્યું પરંતુ ત્યાર પછી અનેક વિસ્તારોમાં કોવિડ ટેસ્ટ માટેની કિટ ખૂટી પડતાં લોકોના હંગામાના સમાચાર સામે આવ્યા. તંત્ર દ્વારા પૂરતા પ્રમાણમાં એન્ટિજન ટેસ્ટ કિટ ફળવાતી નથી અને કોરોના ટેસ્ટ માટે મોટી સંખ્યામાં સવારથી જ લોકો આવી જાય છે. માંડ ૫-૨૫-૫૦ અને ૧૦૦ જેટલી કિટની ફાળવણીથી ધોમધખતા તાપમાં ઉભા રહ્યા પછી પણ જે લોકોના કોરોના ટેસ્ટ થતા નથી તેમનો ગુસ્સો આસમાને પહોંચ્યો છે. તંત્રની ઢીલી નીતિના કારણે સ્થાનિક અધિકારીઓ અને કર્મચારીઓ લોકરોષનો ભોગ બની રહ્યા છે. ઉત્તર ગુજરાતની અંદાજીત ૧.૨૫ કરોડની માનવ વસતી છે જેમાં માત્ર ૧૩,૮૦,૮૪૦ લોકોના રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રેપિડ ટેસ્ટમાં અનેક વિસ્તારોમાં લોકો કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ સામે આવ્યા છે જે અત્યંત ચોંકાવનારા છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાની સ્થિતિ વિસ્ફોટક છે પરંતુ ક્યાંક ને ક્યાંક તંત્રએ ઓછી કિટ ફાળવીને કોરોનાના વધેલા કેસ ઉપર આડકતરો અંકુશ મેળવ્યાની છબી ઉભી કરી છે.

ઉત્તર ગુજરાતમાં કોરોના ટેસ્ટીંગ..

જિલ્લો	કેટલા લોકોના ટેસ્ટ	કુલ મૃત્યુ
અરવલ્લી	૧,૯૪,૬૩૦	૫૦
બનાસકાંઠા	૩,૨૨,૩૬૮	૧૦૭
મહેસાણા	૩,૭૦,૪૧૩	૯૭
પાટણ	૨,૨૬,૭૪૬	૯૦
સાબરકાંઠા	૨,૬૭,૧૭૯	૧૦૭

કોરોનાના દર્દીઓ માટે જગ્યા નથી

કરોડોના ખર્ચે તૈયાર થયેલું શીણાવાડ આરોગ્ય કેન્દ્ર ઉદ્ઘાટનની રાહ જુએ છે

બાયડ : અરવલ્લી જિલ્લામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓ માટે બેડ નથી, ઓક્સિજન નથી, કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી જિલ્લા પંચાયત દ્વારા ગામે ગામ જ્યાં જગા મળી ત્યાં આઈસોલેશન સેન્ટર ખોલવામાં આવ્યાં છે ત્યાં પણ અસુવિધાના આક્ષેપ છે ત્યારે મોડાસા તાલુકાના શીણાવાડ ગામે સરકાર દ્વારા કરોડોના ખર્ચે સુવિધાયુક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કર્યું છે પરંતુ ઉદ્ઘાટનની રાહ જુએ છે. બિમારીથી લોકો મરતા હોય અને કરોડોના ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્રને ખંભાતી તાળાં હોય તે બાબત વહીવટી તંત્ર માટે શરમજનક છે. જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીએ શીણાવાડ આરોગ્ય કેન્દ્ર ખુલ્લું મૂકાવી તાબડતોબ કોરોના દર્દીઓને ત્યાં સારવાર મળે તેવો પ્રબંધ કરવો જોઈએ.

તલોદના પ્રોફેસરનો તર્ક : ભારત સરકાર ધારે તો એક અઠવાડીયામાં રસીકરણ થઈ શકે

તલોદ સાયન્સ કોલેજના જાણીતા પ્રોફેસર અને સામાજીક કાર્યકર પ્રો.વસંત પટેલે સોશ્યલ મીડીયા ઉપર મેસેજ ફરતો કર્યો છે જેમાં ભારત સરકાર ધારે તો એક અઠવાડીયામાં પૂરા ભારતના તમામ લોકો કે જે ૧૮ વર્ષથી ઉપરના છે તેમનું કોરોના રસીકરણ પુરૂ કરી શકાય. ભારતનું ચૂંટણીપંચ એક વોટ માટે બુથ ઉભું કરી શકતું હોય તો કોરોના વેક્સિન માટે કેમ નહીં..?? તમામ ચૂંટાયેલા ઉમેદવાર પોતાના વિસ્તારની કામગીરી સંભાળી લે, એક બુથ ઉપર ૮૦૦ થી ૧૦૦૦ મતદાર હોય, એક શાળામાં ૨ થી ૪ બુથમાં મતદાન થાય છે. સરકાર દરેક બુથ ઉપર જે તે વિસ્તારના મતદારો મતદારકાર્ડ, આધારકાર્ડ લઈને જાય તો તેમને વેક્સિન આપવાની જાહેરાત કરે. તા.૧ મે. થી ૧૮ વર્ષથી ઉપરના તમામને વેક્સિનેશન આપવામાં આવે. એક બુથ ઉપર રોજના ૧૦૦ જણને વેક્સિન આપવામાં આવે તો પણ એક બુથના તમામ રસીકરણ એક અઠવાડીયામાં કોઈપણ ભીડ વગર શાંતિથી સંપન્ન થાય. આવી રીતે આયોજન થાય તો એક જ અઠવાડીયામાં આખા દેશમાં લગભગ ૮૦ થી ૧૦૦ ટકા રસીકરણ થઈ શકે. રાજકીય પક્ષો જેમ વધુ મતદાન થાય તે માટે પ્રયાસ કરતા હોય છે તેવા રસીકરણ માટે પણ પ્રયાસ કરવા જોઈએ તો ફક્ત ૧૦ દિવસમાં સમગ્ર દેશમાં લોકો કોરોના રસીથી રક્ષિત થઈ જાય. સરકાર આ અંગે વિચારે, અમલ શરૂ કરે તો જ રસીકરણ ઉત્સવ ઉજવાય. સફળતા મળે અને કોરોના હારશે, દેશ જીતશે. જેમના નામ મતદાર યાદીમાં નથી તેમના નામ માટેની અલગ વ્યવસ્થા જે તે બુથ ઉપર કરી શકાય.

અરવિંદ ત્રિવેદી (લંકેશ)ના મોતના ખોટા મેસેઝ વાયરલ થયા

છેલ્લા બે દિવસથી જિલ્લામાં સોશિયલ મીડિયામાં વાયરલ સમાચારે તેમના વતનના લોકોએ સત્યતા જાણવા પરિવાર જોડે મુંબઇ ખાતે ટેલિફોનિક વાત કરી

ઈડર તા.૫

રામાનંદ સાગર પ્રસારિત ટીવી સિરિયલ રામાયણમાં રાવણનું પાત્ર ભજવનાર અરવિંદભાઈ ત્રિવેદી (લંકેશ)ના મોતના સમાચાર છેલ્લા બે દિવસથી જિલ્લામાં સોશિયલ મીડિયા મોતના ખોટા મેસેઝ વાયરલ થયા.



ઈડર તાલુકાના કુકડીયાના વતની અને ટીવી સીરિયલમાં ઘરઘર સુધી લોકપ્રિય બનેલ રામાયણમાં રાવણનું મુખ્ય પાત્ર ભજવી લોકોના માનસ પટ પર છવાયેલા અને આજે પણ રાવણનું નામ લેતા તેમની તસ્વીર મનમાં આવે તેવા અભિનય કરી રાવણના પાત્રને સફર રીતે ભજવનાર અરવિંદભાઈ ત્રિવેદી (લંકેશ)ના મોતના સમાચાર જિલ્લાના સોશિયલ મીડિયા દ્વારા વાયરલ થતા તેમના માદરે વતનના લોકોએ તેમના પરિવારના લોકોનો સંપર્ક કર્યો હતો. આ અંગે માહિતી આપતા કુકડીયા ગામના યુવા કાર્યકર નરેન્દ્રભાઈ કુલકર્ણીએ અરવિંદભાઈ ત્રિવેદી લંકેશના પરિવારજનો સાથે ટેલિફોનિક વાત થતા મુંબઈ ખાત્તે છે અને તેમની તબિયત નાજુક છે, પણ સ્વસ્થ છે અને જે સોશિયલ મીડિયાના વોટ્સએપ, ફેસબુક જેવા માધ્યમોમાં વાયરલ થયેલ સમાચાર તદ્દન ખોટા છે.

છેલ્લા બે વર્ષથી અરવિદ ત્રિવેદીના મોતના ખોટા મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ થાય છે. ગત વર્ષે પણ આવા ખોટા મેસેજ વાયરલ થયા હતા.

ઈડરમાં ફરીથી આંશિક લોકડાઉન, બપોરે એક વાગ્યા પછી બજાર બંધ રહશે

આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો સાંજે ૭ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઈડર, તા.૫

કારમુખો કોરોના ટપોટપ લોકોના જીવ લઈ રહ્યો છે, વિશ્વ આખું ચેપગ્રસ્થ બન્યું છે .અને લોકો વધુને વધુ સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે આ કોરોના ની સંક્રમિત ચેઈન ને તોડવા ગત ૨૬ તારીખે ઈડર પ્રાંત કચેરી ખાતે ઈડર વેપારીઓ અને તંત્ર ધ્વરા આઠ દિવસનું સંપૂર્ણ સ્વૈચ્છીક લોકડાઉન કરાયું હતું જે ૬ તારીખે પૂર્ણ થતાં ઈડર નગરપાલિકા માં વેપારીઓ અને નગરપાલિકા ના સંચાલકો અને સરકારી તંત્ર ધ્વરા ફરીથી ઈડર માં આંચીક લોકડાઉન કરવાનું નક્કી કરવામાં આવતા નગર માં રીક્ષા ધ્વરા એલાઉન્સ કરી જાણ કરવામાં આવી.

ઈડરમાં આઠ દિવસની સ્વૈચ્છીક લોકડાઉનની સફરતા રહેતા બજારો સ્વંયભૂ બંધ રાખી તમામ વેપારીઓએ સાથ સહકાર આપ્યો હતો અને કોરોનાના સંક્રમનને વધતું અટકાવવા મહદઅંશે સફળતા મેળવી હતી અને લોકો દ્વારા હજુ પણ એક સપ્તાહના સ્વૈચ્છીક લોકડાઉન ઈચ્છાઓ વ્યક્ત કરતા હતા. પરંતુ નગરપાલિકાના ચેરમેન કૈલાશસિંહ તંવર દ્વારા નાના નાના રોજેરોજ વેપાર ધંધો કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા લોકોની રોજગારી ન છીનવાઈ અને તેમના પરિવારો જળવાઈ રહે તે માટે ઈડરમાં સાવરે સાત વાગ્યેથી બપોરે એક વાગ્યા સુધી બજારો ચાલુ રાખવા તેમજ આવશ્યક ચીજ વસ્તુઓ દૂધ, શાકભાજી, મેડિકલ જેવા ધંધાઓ સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની જાહેરાત વેપારી એસોસિયેશનને અને નગરમાં રિક્ષામાં એલાઉન્સ કરી જાહેરાત કરવામાં આવી છે.

દેશભરમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે ત્યારે જિલ્લા સહિત તાલુકામાં કોરોના સંક્રમણ દિવસે ને દિવસે સતત વધી રહ્યું છે ત્યારે આ વધતા સંક્રમણને અટકાવવા હવે અનેક શહેરો અને ગામડાઓ સ્વૈચ્છિક લોકડાઉન તરફ વળ્યા છે જેમાં ઈડર શહેરમાં પણ વધતા જતા કોરોના સંક્રમણને અટકાવવા ઈડર સ્થાનિક પ્રશાસન, વેપારી એસોસિએશન, ઈડર નગરપાલિકા દ્વારા પ્રાંત કચેરી ખાતે અગાઉ એક બેઠક યોજાઈ હતી જેમાં સર્વાનુમતે સ્વૈચ્છિક લોકડાઉન ૨૮ એપ્રિલથી ૫ મે સુધી શહેરમાં સ્વૈચ્છિક લોકડાઉન કરવામાં આવ્યું હતું. લોકડાઉનનો સમય પૂર્ણ થતાં ઈડર નગરપાલિકા અને વહીવટી તંત્ર એ ગુરુવારને ૬ મે થી ઈડરનાં બજારો ખુલ્લા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે સવારે ૭ વાગ્યાથી બપોરનાં ૧ વાગ્યા સુધી બજારો ખુલ્લા રાખવા માટે વહેપારી એસોસિએશનને અને બજારમા રીક્ષા ફેરવીને જાણ કરવામાં આવી હતી.

પ્રાંતિજના નનાનપુર ખાતે આઈસોલેશન વોર્ડને ખુલ્લો મુકાયો

ગામના કોરોના પોઝેટીવ દર્દીઓ માટે આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા કરાઈ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે પંચાયત દ્વારા કોરોના પોઝેટીવ દર્દીઓ માટે દશ બેડનો આઈસોલેશન વોર્ડને ખુલ્લો મુકવામા આવ્યો.

કોરોના મહામારીમા લોકો બરાબરના પરેશાન છે સરકારી અને ખાનગી હોસ્પિટલ મા પણ હવે દર્દીઓ માટે વેઈટિંગના બોર્ડ લાગી ગયા છે અને ઓક્સિજન દવાઓ ઈન્જેક્શનની અછતના કારણે લોકો હોસ્પિટલોમા દમ તોડી રહ્યા છે તો કેટલાક દર્દીઓ આ વાયરસ રોગના કારણે કણસી રહ્યા છે ત્યારે આવા દર્દીઓને વૈકલ્પિક વ્યવસ્થાને સારવાર મળી રહે તે માટે પ્રાંતિજના નનાનપુર ખાતે નનાનપુર ગામ પંચાયતના સરપંચ ગીરીશભાઈ પટેલ, ઉપસરપંચ જનકભાઈ પટેલ, તલાટી કમમંત્રી હિતેશભાઈ તથા ગ્રામ પંચાયતના સદસ્યો ગામના આગેવાનો દ્વારા ગામમા આવેલ કોમ્યુનિટી હોલ ખાતે ૧૦ બેડની આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામા આવી છે અને કોરોના સંક્રમિત દર્દીઓ માટે સગવડ કરવામા આવી છે તો સરપંચ દ્વારા માસ્ક વગર ઘરની બહાર નિકળવુ નહી અને કામ સિવાય બહાર જવાનુ ટાળો અને ઘરમા રહો સુરક્ષિત રહો સુચનાઓ પણ આપવામા આવી છે.

હિંમતનગરની કોવિડ હોસ્પિટલોમાં નગરપાલિકા તથા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા મુલાકાત

કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન કોરોના સંક્રમણ ફૂદકે ને ભૂસકે ને વધતું જોવા મળી રહ્યું છે વધતા જતા કોરોના સંક્રમણને લઈને કોરોના ના કેસો દિનપ્રતિદિન વધતા જોવા મળી રહ્યા છે સાથે સાથે કોરોના ના કારણે થયેલો મૃત્યુદર નો ગ્રાફ પણ ઉંચો જોવા મળી રહ્યો છે ત્યારે હિંમતનગર શહેરમાં વહીવટી તંત્ર દ્વારા શહેરની ૧૩ થી વધુ કોવિડ હોસ્પિટલોમાં હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર તથા ફાયર બિગેડ ટીમના ઈન્સ્પેક્ટર પ્રતાપ સિંહ દેવડા સહિત તેમની ટીમે કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલોમાં લગાવેલ ફાયર સિસ્ટમની ચકાસણી હાથ ધરવામાં આવી હતી તથા કોવિડ હોસ્પિટલના સ્ટાફને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી હોસ્પિટલોમાં જરૂરી જણાતા ઈક્વિપમેન્ટ લગાવવા તાકીદ કરવામાં આવી હતી.

ઉત્તર ગુજરાતમાં જીવનરક્ષક દવાઓની તિવ્ર અછત, પેરાસીટામોલ, બૃફેન સહિતની દવાઓ ગાયબ..!!

રેમડેસિવિર ઈન્જેક્શનની જેમ અન્ય દવાના કાળા બજારની આશંકા

બાયડ તા.૦૫

કોરોનાના કારણે ઉત્તર ગુજરાતમાં જીવનરક્ષક દવાઓની તિવ્ર અછત શરૂ થઈ છે. પેરાસીટામોલ, બૃફેન સહિતની દવાઓ ગાયબ થઈ રહી છે. દુકાનદારોને હોલસેલરો પાસેથી દવાઓ ખરીદવી હોય તો એડવાન્સ પૈસા આપ્યા પછી જ માલ સપ્લાય થઈ રહ્યો છે. અમદાવાદના કોમન હોલસેલરોના જણાવ્યા અનુસાર દવા બજારમાં અનેક જીવનરક્ષક દવાઓની અછત ઉભી થઈ છે. આવનારા દિવસોમાં સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. રાજ્યના ખોરાક અને ઔષધન નિયમન વિભાગ દ્વારા યોગ્ય તકેદારી રાખવામાં નહીં આવે તો આગામી દિવસોમાં રેમડેસિવિરની જેમ જ અન્ય દવાના કાળા બજારની આશંકા છે.

ગુજરાત ઓક્સિજન અને દવાના ઉત્પાદનમાં અવ્વલ નંબર ધરાવે છે. પરંતુ દશેરાના દિવસે જ ઘોડું ન દોડે તેવી સ્થિતિ છેલ્લા ૨૨ દિવસથી પ્રવર્તિ રહી છે. કોરોનાના વધી રહેલા કહેર પછી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ઓક્સિજનની અછત ત્યારબાદ રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને તેના કાળા બજારથી પ્રજા અને દર્દીના સગાઓ સમસમી ઉઠ્યા છે. કોરોનાનો કહેર શાંત પડે તેવું અત્યારે જણાતું નથી. કોરોના સહિત અન્ય વાયરલ બિમારીઓ વકરી છે જેના કારણે તમામ નાના-મોટા દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો ડૉક્ટરોના દવાખાના રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહે છે. એકાએક દવાની માંગમાં ઉછાળો આવ્યો કે પછી કાળા બજારીયાઓએ દવાનો સ્ટોક શરૂ કર્યો હોય તેમ પેરાસીટામોલ, બૃફેન સહિતની દવાઓનો પૂરતો જથ્થો મળતો નથી. અન્ય સ્ટીરોઈડ પણ ગાયબ થઈ રહ્યું છે. અમદાવાદના વેપારીઓ જણાવી રહ્યા છે કે હવે માલ ખરીદવો હોય તો એડવાન્સ પૈસા આપો અને તે પણ ઓર્ડર મુજબનો માલ અમે આપી શકીએ કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે. સ્થાનિક તંત્ર અને ખોરાક અને ઔષધન નિયમન વિભાગ ઉત્તર ગુજરાતમાં સવેળાએ નહીં જાગે તો જીવન રક્ષક અનેક દવાઓની તિવ્ર અછતથી સ્થિતિ વિકટ બની શકે છે.

દુઃખદ અવસાન

સ્વ. નારાયણભાઈ નાથાભાઈ ભાટીયા
(નિવૃત્ત શિક્ષક : ડુઘરવાડા હાઈસ્કુલ)
સ્વ. તા.૩-૫-૨૦૨૧, સોમવાર
બાયડ, જિ.અરવલ્લી
(હાલ રહે.મોડાસા)

મારા પરમ પૂજ્ય પિતા
નારાયણભાઈ નાથાભાઈ ભાટીયા
(નિવૃત્ત શિક્ષક : ડુઘરવાડા હાઈસ્કુલ) (મૂળ રહે. બાયડ, હાલ રહે. મોડાસા) તા.૩-૫-૨૦૨૧, સોમવારના રોજ અક્ષરવાસી થયા છે, પ્રભુને ગમ્યું તે ખરૂં, પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

નોંધ : વર્તમાન સંજોગોને ધ્યાને રાખીને તમામ જાહેર, સામાજીક તેમજ લૌકિક રીતરીવાજ રાખેલ નથી.

લી..
પારૂલબેન ભાર્ગવકુમાર ભાટીયા, પુત્રી
ગં.સ્વ.વિણાબેન નારાયણભાઈ ભાટીયા
તથા સમસ્ત નાથાભાઈ મગનભાઈ પરિવાર
મોડાસા, જિ.અરવલ્લી
મો.૯૯૯૮૯૯૨૭૦૯, ૯૪૨૬૫૦૬૮૩૬